આકાશવાણી ભુજ

સમાચાર વાચક : આરતી ભટ્ટ

ડીઇઓ : પ્રદિપ ચાવડા

તારીખ : **12-04-2024** સમય : સવારે **6.50** વાગ્યે

---

## ચૂંટણી જાહેરનામુ પ્રસિદ્ધ

ગુજરાત સહિત દેશના 10 રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોની લોકસભાની 94 બેઠકો માટે આજે જાહેરનામુ બહાર પાડતા ત્રીજા તબક્કાની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાશે. ગુજરાતમાં આજે 12 મી એપ્રિલે જાહેરનામુ પ્રસિદ્ધ થશે. એ પછી ઉમેદવારી પત્રો ભરવાની શરૂઆત થશે. જે 19મી સુધી ભરી શકાશે. 20મી એપ્રિલે ચકાસણી થશે એ પછી 22 મી એપ્રિલ સુધી ઉમેદવારો ઉમેદવારી પાછી ખેંચી લેતા ચિત્ર સ્પષ્ટ થશે. ગુજરાતની લોકસભાની બધી જ પાંચ બેઠકોની ચૂંટણી 7મી મેએ યોજાશે.

ચંદ્રવદન પટ્ટણી

---

## રાજ્ય ચૂંટણી : ઉમેદવારી નોંધણી

ચૂંટણી પંચે રાજ્યમાં ત્રીજા તબક્કાની ચૂંટણી યોજવા માટે આજથી પ્રસિદ્ધ થતા જાહેરનામાની પ્રસિધ્ધિ સાથે ઉમેદવારી નોંધાવવાની શરૂઆત થશે.

કચ્છ લોકસભાની બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત હોવાથી આજથી 19મી એપ્રિલ સુધી ફોર્મ ભરી શકશે. આઠ પાનાનું ફોર્મ તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં ઉમેદવારે પોતાની વિગત દર્શાવી પડશે. ઉપરાંત મિલકત અંગે અલગથી સોગંદનામા કરવા પડશે. આજથી જિલ્લામાં ચૂંટણીનો સત્તાવાર માહોલ મળશે. એક યાદીમાં જણાવ્યા અનુસાર ઉમેદવારીપત્રો ચૂંટણી અધિકારી, સંસદીય મતદાર વિભાગ, કલેક્ટર, કલેક્ટર કચેરી, મદદનીશ ચૂંટણી અધિકારી, પ્રાંત કચેરી ભુજ ખાતે 19 મી એપ્રિલ સુધીમાં જાહેર રજા સિવાયના દિવસે સવારના 11થી બપોરના 3 વાગ્યા સુધીમાં પહોંચાડી શકાશે.

**N.P. આરતી ભટ્ટ**

---

## ક્રિકેટ

મુંબઇ ઇન્ડિયન્સ ટીમે રોયલ ચેલેન્જર બેંગાલુરૂ ટીમને હરાવી આઇપીએલની મેચમાં બીજી સફળતા મેળવી છે. મુંબઇમાં રમાયેલ મેચમાં બેંગલુરૂ ટીમે 8 વિકેટના ભોગે 196 રન કર્યા હતા. જવાબમાં મુંબઇ ટીમે 3 વિકેટ ગુમાવી 199 રન કરી મેચ જીતી લીધી હતી.

**ચંદ્રવદન પટ્ટણી**

--------------------------------------------------------------------

## ગરમી-પશ્ચિમી વિક્ષોભ

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે રાજ્યમાં આગામી બે ત્રણ દિવસ સુધી ગરમીથી રાહત મળી શકે છે. હવામાન વિભાગ અનુસાર કેટલાક જિલ્લાઓમાં છૂટોછવાયો વરસાદ વરસી શકે છે, જેથી આગામી ત્રણ દિવસ દરમિયાન તાપમાનમાં 2થી 3 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થશે. જોકે એ પછીના દિવસોમાં તાપમાનમાં ફરી વધારો થશે. ગઇકાલે ભુજ 41.2 ડિગ્રીએ રાજ્યનું સૌથી ગરમ મથક રહ્યું હતું. રણકાંધીએ ગ્રામ્યજીવન દિવસ દરમિયાન ઉકળાટ ભર્યું રહ્યું હતું.

હવામાન વિભાગ અનુસાર 12 અને 13 એપ્રિલના રોજ રાજ્યના તાપમાનમાં કોઈ ખાસ ફેરફાર નથી. 14 એપ્રિલના રોજ ગીર સોમનાથ, કચ્છ, સાબરકાંઠા, અરવલ્લી, છોટાઉદેપુર અને નર્મદા જિલ્લામાં પણ છૂટોછવાયો વરસાદ વરસી શકે છે.

**N.P. આરતી ભટ્ટ**

--------------------------------------------------------------------

## ગાંધીધામ : ટાઉનહોલ

ગાંધીધામ નગરપાલિકાના ટાઉનહોલની હાલત લાંબા સમયથી બિસ્માર હાલત છે. મહતમ રુપે તે અનેક કાર્યક્રમો માટેજ ઉપયોગ થઈ

રહ્યો છે ત્યારે તેની જાળવણી યોગ્ય રુપે કરાય અને જાહેરાત કરાય તો પાલિકાને વધુ આવક થઈ શકે તેમ છે. તાજેતરમાં પાલિકાએ ગત વર્ષે કરેલી આવકાના આંકડાઓ બહાર પાડ્યા હતા. જે અનુસાર ગુરુકુળ સ્થિત દિનદયાલ હોલમાંથી 17 લાખની આવક થવા પામી હતી,અન્ય થઇ કુલ 20 લાખ રુપીયા પાલિકાએ આ ટાઉનહોલોની ભાડાની કમાણીથી કમાયા હતા.

**N.P. આરતી ભટ્ટ**

-----------------------------------------------------------------

## બોર્ડર સિક્યુરીટી ભરતી

બોર્ડર સિક્યુરિટી ફોર્મ દ્વારા ગ્રૂપ બી અને ગ્રૂપ સી માટે વિવિધ 82 જગ્યા માટે ભરતીની જાહેરાત કરી છે. જાહેર કરેલા નોટિફિકેશન મુજબ જગ્યા મુજબ ઉમેદવારો પાસેથી શૈક્ષણીક લાયકાત નક્કી કરવામાં આવી છે. જેમાં સબ ઇન્સ્પેક્ટર માટેની જગ્યા માટે ઉમેદવારે સિવિલ એન્જિનિયરિંગમાં ડિપ્લોમા કરેલું હોવું જોઇએ. અરજી કરનારા ઉમેદવારોની ઉંમર 15 એપ્રિલ 2024 સુધીમાં 18 વર્ષ પુરા અને 30 વર્ષથી ઓછી હોવી જોઇએ. નિયમ મુજબ અનામત વર્ગના ઉમેદવારોને ઉંમર મર્યાદામાં છુટછાટ અપાશે.

**N.P. આરતી ભટ્ટ**

-----------------------------------------------------------------

## ખડીર-જનાણ પ્રથમ બીએડ

ખડીરના જનાણ ગામની વિદ્યાર્થિનીએ દલિત સમાજમાં પ્રથમ બીએડની ડિગ્રી મેળવીને સમાજ તેમજ ગામનું નામ રોશન કર્યું હતું. આશાબેન દુદાભાઇ મકવાણા ખડીરની સાત ગ્રામ પંચાયતના દલિત સમાજમાંથી બીએડ સુધી અભ્યાસ કરનારી પ્રથમ વિદ્યાર્થિની બની હતી.

**N.P. આરતી ભટ્ટ**

-----------------------------------------------------------------------